સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

'તેંતીસ ટકા' નેતૃત્વની ખંધાઈ જોવાઈ ગઈ!
'વતી'થી કરે રાજ, રાબડીઓ ભોળવાઈ ગઈ!
ધોવાઈ ગઈ આબરૂ, 'સ્ત્રી-શક્તિ' ઉજવણી માંજ
કેટલા ય 'કાંડ'માં આ સ્ત્રીની શક્તિ ખોવાઈ ગઈ!!
(વિશ્વ-મહિલા, 'દીન')

બતાવી દયા,
ઉગામે ન ત્રિશૂળ -
કુપુત્રો પર...
(સ્ત્રી-જગદંબા-શક્તિ જ છે)

વર્ષાવે વ્હાલ,
છે સ્નેહનો સાગર -
ક્ષમા સ્વરૂપા...
(માતા-પત્ની-પુત્રી)

હાઈકુ

ચિંતન

સાધૂનાં નિકષં સતાં કુલધનં સર્વાશ્રણાયાં વરમ્ ।

ઉપરોક્ત શ્લોક સુભાષિત સંસ્કૃત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

સત્યથી સાધુપુરુષોની પરખ થાય છે. તે જ સત્યપુરુષોની વંશ પરંપરાગત સંપત્તિ છે. સત્યનો જ આશ્રય સંપૂર્ણ આશ્રયોથી શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. હજારો અશ્વમેધ યજ્ઞ પણ સત્ય ભાષણની સમતાને પહોંચી શકતાં નથી.

જીવનનો મર્મ - પરમ ધર્મ હેતુ કે ધ્યેય, માત્ર 'સત્ય' છે, નિષ્ઠા-કર્તવ્ય-ફરજ-સેવા - આચાર-વિચાર-વર્તનમાં 'સત્ય' નું હોવું જરૂરી છે. નિર્દભ-નિખાલય આચારણ જ સર્વશ્રેષ્ઠ છે.

'સત્ય' પાલન સર્વશ્રેષ્ઠ 'તપ' છે આ શ્લોકમાં અશ્વમેધ યજ્ઞ કરતા પણ તેને 'મહાન' કહેવામાં આવ્યું છે. માટે સદાય 'સત્ય'નો જ આશ્રય કરવો.

સુવિચાર

- કેદી બાદશાહ કરતા આઝાદ પંખી હોવું સારું છે - **મહેશિયન કહેવત**
- આદત કાથીની દોરડી જેવી છે, આપણે રોજ તેને એક વળ ચડાવીએ છીએ, પણ તેને તોડી શકતા નથી - **એલન સ્કોટ**
- બીજાના અભિપ્રાયમાં દરેક માણસ મૂર્ખ જ હોય છે - **નવનિત**
- આત્મવિશ્વાસ અને મનોબળ એ બંને ચુંબક સમાન છે - **રાજુ અંધારિયા**
- કોઈ પણ સજીવ વસ્તુ પ્રત્યે વેર ન હોય તેનું નામ શુદ્ધ અહિંસા - **શેક્સપિયર**
- સજ્જન એવા શોધીએ, જેવા કૂવાના કોસ, પછાડ્યા પાણી દિયે, હૈયે ન આણે રોષ - **રોહિત શાહ**
- આજનું ઔષધ : પેરૂના પાન ચાવવાથી દાંતના દુઃખાવામાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

પ્રેમ-વાત્સલ્ય-લાગણી-આનંદ એ કંઈ બજારમાં પડીકે વેંચાતી વસ્તુ નથી, એ મેળવવા માટે ઈશ્વરની બજારમાં ચાલતું 'નાણું' જોઈએ.

સ્વામી રામતીર્થ અમેરિકામાં સત્સંગ દ્વારા માનવતાની પ્રભાવિત શક્તિ અને ચમત્કારની વાત કરતા હતા. એક દિવસ એક સ્ત્રી જેનો નાનો પુત્ર મૃત્યુ પામ્યો હતો. શોકથી દુઃખી હતી. સ્વામીજી પાસે આવી અને કહ્યું, સ્વામી મારી પાસે ખૂબ સમૃદ્ધિ છે પણ આનંદ નથી. મારા નાના પુત્રના અવશાન પછી મને કંઈક જ ગમતું નથી. મને કોઈ પણ કિંમતે 'આનંદ' આપો.

રામતીર્થે સ્મિત સાથે કહ્યું, માઈ, 'આનંદ' જરૂર પડે પણ તેને માટે તારે કંઈક ચૂકવવું પડશે!

માઈ ઉત્સાહમાં આવી બોલી, સ્વામી તમે કહેશો તેટલી રકમ આપીશ પણ મને 'આનંદ' આપો!

સ્વામી કહે ઈશ્વરને ત્યાં ચલણ અલગ છે. તારા પૈસા ત્યાં નથી ચાલતા - સ્ત્રી કહે - તો શું આપું...

સ્વામીએ ઉતારામાંથી એક નિગ્રો બાળકને બોલાવ્યું અને કહ્યું, આ બાળક અનાથ છે, તારું મૃત બાળક પાછું મળ્યું છે એમ સમજી આને ઉછેર પ્રેમ-વાત્સલ્ય આપ - તને ફરીથી તારો 'આનંદ' પાછો મળશે...

સ્ત્રી બાળકને તેડી ખૂશ-ખૂશાલ ઘેર ગઈ.

નારી ચેતનાનો સંકોરવાનો આવકારદાયક ઉપક્રમ

તંત્રીસ્થાનેથી...

વિશ્વ મહિલા દિને નિમિત્તે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરના મહેમાન બની રહ્યા છે અને તે પણ મહિલા સરપંચોના બહુમાન નિમિત્તે. નારી શક્તિનો આવો સ્વીકાર અને પુરસ્કાર ખરે જ આવકારદાયક ઘટના ગણાશે. એ જુદી વાત છે કે યુનોએ નક્કી કરી આપેલા એક વિશેષ દિવસે આવો ઉપક્રમ યોજાઈ રહ્યો છે, જે મહંદેશ કર્મકાંડ બની રહેવાની જ સંભાવના રહેતી હોય છે. આ દેશમાં 'નારી તું નારાયણી' અને 'યજ્ઞ નાર્યસ્તુ પૂજ્યન્તે-રમન્તે તત્ર દેવતાઃ' જેવાં સૂત્રો રચાયાં છે, વારંવાર ઉચ્ચારાયા છે પણ એ આચરાયાં છે ખરાં? આ પ્રશ્નનો જવાબ કદાચ આપણા લોકપ્રિય વડાપ્રધાન પાસે પણ હશે કે કેમ તે સવાલ છે. ક્યારેક નારીન છેક મોભારે ચડાવી દેવાઈ તો ક્યારેક કબીર જેવા ક્રાંતિકારી સંતને પણ નારીમાં દોષ જ દોષ દેખાયા : 'નારી તો હમ ભી કરી, પાયા નહીં વિચાર / જબ જાની તબ પરહરી, નારી બડા વિકાર.' તુલસીદાસે ભલે રામના શરણે આવેલા લાચાર સમુદ્રના મુખે જ કહેવડાવ્યું હતું પંરતુ જે શબ્દો લખ્યા તે આજપર્યંત ખૂંચે છે : 'ઢોલ, ગંવાર, શુદ્ર, પશુ, નારી - સકલ તાડને કે અધિકારી' એ જ નારી માનવજાતની ફૂલવાડી સજાવતી રહી છે; ને માતા, પુત્રી, બહેન, પત્ની તરીકે હડધૂત પણ થતી રહી છે; વાસનાનો શિકાર બનતી રહી છે. એના નામ પર આંદોલન થાય છે, સરકારો બને છે અને બગડે છે. ચૂંટણીઓ જિતાય છે અને હરાવાય છે. ઈંદિરા ગાંધી સ્વરુપે ભારતે વિશ્વનેતૃવનું મહિલા મોડલ રજૂ કર્યું તો વળી ગુજરાતની દીકરી સુનિયા વિલિયમ્સ અંતરીક્ષની રાણી બની છે. ગુજરાતમાં પ્રથમ નારી મુખ્યમંત્રી તરીકે આનંદીબેનનું કામ પણ નોંધપાત્ર રહ્યું છે. અલબત્ત, એ જ ધરતી પર આપણી નજર સામે નલિયાકાંડો પણ થતા જ રહ્યા છે. રાજીવ ગાંધીએ પંચાયતી રાજમાં ૩૩ ટકા અનામત આપીને મહિલાઓને રાજકારણમાં કરિશ્મા બતાવવાનો મંચ પૂરો પાડ્યો પરંતુ વિધાનસભા કે સંસદમાં વર્ષો પછીય મહિલા અનામતનું બિલ પસાર થઈ શક્યું નથી. પુરુષજાત ક્યારેક મહિલાને એક મર્યાદાથી બહાર પ્રગતિ કરવા દેશે કે કેમ તે પ્રશ્ન છે. અલબત્ત, શિક્ષણ સહિતનાં અનેક તજજ્ઞતાનાં ક્ષેત્રોમાં મહિલાઓ પુરુષો કરતાં આગળ નીકળી ગઈ છે છતાં આખરો તો એમની કોમળતા અને પ્રાકૃતિક મર્યાદાઓને કારણે મોટા ભાગની મહિલાઓ વંશવૃદ્ધિનું માધ્યમ તથા રસોડાની રાણી બીને જ જીવનની ઈતિશ્રી માનતી રહી છે પરંતુ સમયની સાથે મહિલા જગત પણ એમની એની આગવી ઓળખ ઊભી કરી શક્યું છે. તેની પ્રતીતિ નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાઈ રહેલ 'સ્વચ્છ શક્તિ ૨૦૧૭' શીર્ષક હેઠળ થાય તો તે આવકાર્ય લેખાશે. મહિલા સરપંચોનો ખૂણે ખાંચરેથી તેડાવીને ગાંધીનગર જિલ્લાનાં પ્રગતિશીલ ગામોની મુલાકાત કરાવવાનો ઉપક્રમ નારીચેતનાની વાટ સંકોરવાનો છે. ધારે તો એક અલ્પશિક્ષિત ગ્રામીણ મહિલા શ્વેતક્રાંતિની જયોતિર્ધરા બની શકે છે. પ્રતાપપુરાનાં માલતી ચૌધરી એનું જાજરમાન ઉદાહરણ છે. ઘરઆંગણું અને રસોડું ચોખ્ખું રાખવા ટેવાયેલી ગૃહિણી જયારે ગામનું નેતૃત્વ સંભાળે ત્યારે સ્વાભાવિક રીતે જ એની અંતર્નિહિત ઊર્જાનો વિસ્ફોટ થાય અને એનું અજવાળું સમસ્ત પંથકને ઝળાહળાં કરી મૂકે. શૌચાલય ક્ષેત્રે ક્રાંતિ લાવવાની નેમ સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે. એમાં સૌથી મહત્ત્વનો ફાળો મહિલાઓનો અને પંચાયતોનો છે. દેશના બીજા રાજયો કરતાં અનેક બાબતોમાં ગુજરાત આગળ લાગતું હોય તો એમાં પણ સિંહફાળો ગરવી ગુજરાતણોનો છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એ તમામમાં બેઠેલી શાશ્વત માતૃશક્તિને કોટિ કોટિ વંદન અને એમની અસ્મિતા તથા ગરિમાને ઉજાગર કરવા મથતા વડાપ્રધાનથી લઈ ગુજરાત રાજયના કર્ણધારોને અભિનંદન. નલિયાકાંડ જેવી નકારાત્મક ઘટના સામે આવા સકારાત્મક આયોજકો રચીને નારી શક્તિના આત્મવિશ્વાસને પ્રજ્જવલિત રાખવાનો પ્રયાસ સરાહનીય છે.

બહાદુર સ્ત્રીની લડાઈમાં શું હું સામેલ થઈ શકું?

નવાં કલેવર
નટવર હેડાઉ

'વોટ્સએપ' પર એક જોક્સ ખુબ 'વાયરલ' થયેલો કે કોઈ મોટામાં મોટા જયોતિષી પર સચોટ ભવિષ્યવાણી નહીં કરી શકે કે આજ કામવાળી બાઈ આવશે કે નહીં? આવશે તો ક્યાં સુધી આવશે? અમારી કામવાળી સીતા બાબતે એક ભવિષ્યવાણી સાચી પડતી હતી. જો તેને આવવામાં મોડું થઈ ગયું તો પછી સમજી લેવું કે હવે નહીં આવે. આજની રજા. જો તમે પુછી નાંખ્યું કે કાલ કેમ નહોતી આવી? આજે મોડું કેમ થયું? ત્યારે નવાં નવાં બહાના 'બ્રેકીંગ ન્યુઝ'ની જેમ ફલેશ થવા લાગે છે.

'આજે સામેવાળી પાડોસણ સાથે ઝઘડો થઈ ગયેલો એટલે...'

'અચાનક બનેવી આવી ગયેલો તેથી...'

'કાલે બેન, મોટાની નાનકી માંદી પડી ગયેલી પછી કઈ રીતે આવું.'

'અરે ! જાણતો કરવી હતી કે નહીં આવી શકું.'

'અહીં મરવાનોય વખત હતો કે જાણ કરું.'

તેની ભાષા પણ એવી ક્યારેક તળપદી ગામડાંની ભાષામાં બોલે ઘણા શબ્દોના અર્થ શોધવા પડે. રોજ એવાં એવાં બહાના કાંઠે કે સાંભળનાર નવો હોય તો કરૂણા જાગી જાય. અમે તો રોજ રોજ તેનાં રોદણાં સાંભળીને રીઢાં થઈ ગયા હતા. તેથી તેની વ્યથા-કથા માથા ઉપરથી નીકળી જતી. પરંતુ આજે ધ્યાન દેવું પડ્યું. એક તો તેના ડાબા હાથે પાટો બાંધેલો હતો બીજું રડમશ ચહેરો અને આંખમાં આંસુ હતા. આજ કોઈ 'બ્રેકીંગ ન્યુઝ' ફલેશ ન થયા એટલે પહેલ કરવી પડી.

શું થયું સીતા? કંઈ વાગી ગયું છે કે શું?

એટલું પુછ્યું ત્યાં તો દારૂણ દુઃખનો પ્રવાહ જાણે બંધ તોડીને વહેવા લાગ્યો. આંખો અને મોંઢાથી પણ. 'બેન, મારી સાથે જે થવું એ તો કોઈ દુશ્મનને પણ ન થજો.'

'મારો ગર્વ મુકાઈ ગયો, અને... એ પોતાની વાત પુરી કરે તે પહેલાં હિબકાં ભરી ભરી રડવા લાગી. તેના રડવાનો અવાજ સાંભળી આજુબાજુ વાળા પણ દોડી આવ્યાં કે નક્કી કંઈક થયું છે?'

તેને જેમતેમ કરી છાની રાખી. ચ્હાની સાથે બે ત્રણ થેપલાં આપ્યાં. થેપલાં ખાતાં ખાતાં એ બોલી, 'બેન ભગવાન તમારું ભલું કરે, મરતા તમે બચાવી લીધી. ગઈ કાલથી અનાજનો દાણોય પેટમાં ગયો નથી.' હવે મારી જિજ્ઞાસા વધી ગઈ, હું ઘરની સાફસફાઈ, કચરો પોતાં બધું ભુલી ગઈ, એવું તે શું થયું કે કાલનું કંઈ ખાધું નથી? હું ખરેખર શું બન્યું તે વાત કઢાવવા માંગતી હતી ત્યાં તો ડોરબેલ વાગી. જોયું તો સીતાનો નાનો છોકરો હતો. 'સીતાબા અહીં આવ્યા છે? કાલ સાંજથી ઘેરની નીકળી ગયા છે. કોણ જાણે કયાં ગયા...' બોલતાં બોલતાં તેની નજર સીતાના ચંપલ પર પડતા ખુશ થઈ ગયો. 'અરે એમના ચંપલ તો આ રહ્યા.' દિકરાને જોઈ સીતા બારણે આવી ગઈ. તેણે તને સમજાવીને રવાના કર્યો કે સાંજ સુધીમાં ઘેર આવી જશે.

'તું આખી રાત કયાં હતી? હવે મારી જિજ્ઞાસા વધી ગઈ હતી.' 'બીજે કયાં જઉં' જેઠાણીને ઘેર ધાબે સુઈ ગયેલી'. પછી એકદમ ચમકી ગયા. બેન, તમારો ઉપરવાળો રૂમ તો ખાલી જ છે ને, તમે કહેતાં હો તો તેમાં રહું, જમીન પર સુઈ રહીશ.' આ સાંભળી મને નવાઈ લાગી. મારી દયા પીગળવા લાગી. કયાંક ખરેખર રહેવા આવી જશે તો આખી સોસાયટીમાં વાતો થશે. 'કેમ એવું તે શું થયું છે, એવું તે શું આભ ફાટી પડ્યું છે કે નિરાધાર થઈ ગઈ હોય એવી વાત કરે છે?...' ઘરનો વહીવટ તો તારા હાથમાં જ છે. તારો ઘરવાળો ભગત ને દિકરો તારે જ આશરે છે.'

'બેન, મારે આશરે કોઈ નથી. બધા પોતાનાં મનના માલિક છે. ઘણી વખત પહેલાં બિમાર પડેલા, બચવાની આશા નહોતી. ત્યારે મેં રાત દિવસ સેવા કરી તેનો જીવ બચાવેલો, બધું ભુલાઈ ગયું. છોકરાને પણ પાંખો આવી ગઈ છે. બાકી રહી મારી નીરુ, માંડ ચૌદ

અનુસંધાન પાના નં. ૭ પર

બદલાની ભાવના હોય ત્યાં પ્રેમ ન હોઈ શકે

ગુલમહોર
દિનેશ દેસાઈ

બ્રિટિશ નોવેલિસ્ટ જોન રોલિંગ આમ તો જે.કે.રોલિંગ (જન્મ ૩૧ જુલાઈ, ૧૯૬૫) નામે વધુ જાણીતી લેખિકા છે. ''હેરી પોટર'' સિરિઝ લખ્યા પછી તેની લોકપ્રિયતા દુનિયાભરમાં પહોંચી. જે.કે. રોલિંગ કહે છે કે ''પ્રેમ એટલે દિવ્ય અને પવિત્ર લાગણી. પ્રેમ તમને બદલો લેવાનું શીખવતો નથી. પ્રેમમાં કોઈ બદલાની ભાવના હોતી નથી. જે લોકો બીજી વ્યક્તિ સાથે પ્રેમ હોવાનો દાવો કરતા હોય તે લોકો પોતાના પ્રિયજન નારાજ થાય ત્યારે બદલો લેવાનો વિચાર માત્ર પણ કરે તેના જેવી હીન ભાવના બીજી કશી નથી.''

જે.કે. રોલિંગ સને ૧૯૯૨માં ૨૭ વર્ષની ઉંમરે જ્યોર્જ એરન્ટ્સ સાથે પ્રેમલગ્ન કર્યાં. જો કે આ લગ્નસંબંધ ત્રણ વર્ષ સુધી જ ટકી શક્યો. સને ૧૯૯૫માં તેણે ડિવોર્સ લેવાં પડ્યાં. આ સંબંધથી તેને એક સંતાન થયું. તેના ઉછેરની જવાબદારી તેણે જ લીધી. છ વર્ષના એકાકી જીવન પછી તેણે પોતાની જિંદગીનો ખાલીપો ભરવા છેક ૩૬ વર્ષની ઉંમરે સને ૨૦૦૧માં નીલ મૂરે સાથે બીજી વાર લગ્ન કર્યાં. બીજાં લગ્નથી તેને બે સંતાન થયાં. બે દીકરી અને એક દીકરાની મા જે.કે. રોલિંગે ફિક્શન, ટ્રેજીકોમિક અને સોસિયલ નોવેલ પણ લખી છે.

બદલાની ભાવના હોય ત્યાં પ્રેમ કદાપિ ન હોઈ શકે. જે.કે.

> **જેનાથી તમારે જુદા પડવાનું આવ્યું હોય તેને ભવિષ્યમાં જ્યારે પણ કોઈને કોઈ તબક્કે મળવાનો મોકો ઉભો થાય ત્યારે તમને એને મળવામાં શરમ, સંકોચ કે ખચકાટ ન થવો જોઈએ. પ્રેમની પૂર્વશરત જ એ છે કે એમાં ધિક્કાર, નફરત, દુશ્મનીને સ્થાન ન હોઈ શકે.**

રોલિંગ કહે છે કે તેણે કૌમાર્યવસ્થાથી એકથી વધુ વખત પ્રેમની લાગણીનો અનુભવ કર્યો છે. તેણે ૨૭ વર્ષની ઉંમરે પોતાના પ્રેમી જ્યોર્જ એરન્ટ્સ સાથે પરણી જવાનો એક પરિપક્વ નિર્ણય કર્યો, ત્યારે તે ખુબ ખુશ હતી. પરંતુ તેનો આ નિર્ણય આગળ જતા ખોટો સાબિત થયો અને રોલિંગે બહુ જલદી જ્યોર્જથી છુટાછેડા લઈ લેવા પડ્યા. રોલિંગ તો એમ પણ કહે છે કે તમે જ્યારે કોઈથી છુટા પડો તેનો અર્થ એવો તો નથી જ કે જિંદગી સમાપ્ત થઈ ગઈ છે. કારણ કે નવી જિંદગી તમારી રાહ જોઈ રહી હોય છે.

જેનાથી તમારે જુદા પડવાનું આવ્યું હોય તેને ભવિષ્યમાં જ્યારે પણ કોઈને કોઈ તબક્કે મળવાનો મોકો ઉભો થાય ત્યારે તમને એને મળવામાં શરમ, સંકોચ કે ખચકાટ ન થવો જોઈએ. એક ગઝલનો સંવેદનશીલ શે'ર છે કે ''દુશ્મની જમકર કરો, મગર યે ગુંજાઈશ રહે, કભી દોસ્ત બન જાઓ તો શરમિંદગી ન રહે.'' જ્યારે તમારે ફરી પાછા મળવાનું થાય ત્યારે મ્હોં છુપાવીને ઉભા રહેવાનો વારો ન આવે એ રીતે ખેલદિલીપૂર્વક સંબંધના તાણાંવાણાં ગુંથાય એ જરુરી છે.

પ્રેમની પૂર્વશરત જ એ છે કે એમાં ધિક્કાર, નફરત, દુશ્મનીને સ્થાન ન હોઈ શકે. કબીરે પણ લખ્યું છે કે ''પ્રેમગલી અતિ સાંકડી, જા કિં દુજો ન સમાય.'' પ્રેમમાં બે વ્યક્તિ, બે જીવ એકરુપ બને છે. વ્યક્તિત્વનો અહમ્ ઓગળી જાય છે. દંભ અને આડંબરનો પરદો પણ પ્રેમમાં ઉતરી જાય છે. પ્રેમ આપણને ઘણું બધું શીખવે છે. પ્રેમ જીવન જીવતા પણ શીખવે છે. પ્રેમ આપણને નિત નવી નવી દિશાઓનો પરિચય પણ કરાવે છે. પ્રેમમાં પરસ્પર વિશ્વાસ અને શ્રદ્ધાનો સમન્વય પણ થઈ જતો હોય છે. પ્રેમ એટલે નિષ્ઠા. પ્રેમ એટલે ત્યાગ. પ્રેમ એટલે સમર્પણ.

સ્ટોપર :

''પ્રેમ જીવનનું ઝરણું છે, એને નિરંતર વહેવા દો. પ્રેમને કોઈ દિશા કે આકાર આપવાની તમે કોશિષ ન કરો. પ્રેમ ઝરણાની જેમ જ પોતાનો રસ્તો બનાવી લેશે અને દિશા તથા આકાર પણ.''

– લિઝ હર્લી

Be bold for Change...!! મેરે સૈંયાજીસે આજ મૈંને બ્રેક અપ કર લીયા...!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

આજે વિશ્વ મહિલા દિવસ છે, અને આ વર્ષે ઈન્ટરનેશનલ વુમેન્સ ડેની થીમ, 'બી બોલ્ડ ફોર ચેન્જ' છે. બ્લેક એન્ડ વ્હાઈટથી કલરફુલ થઈ થ્રીડી અને ડિઝિટલ યુગ સુધી 'સ્માર્ટ' બનેલી યુવતીઓ સાચ્ચે જ બોલ્ડ બની છે. જે નથી બની એ હવે બીજાને જોઈને બનશે પણ ખરી... આ બદલાતા ટ્રેન્ડને એક વાર્તાના રૂપમાં 'લજ્જા'થી 'આઈ ડોન્ટ કેર' કરતી યુવતીના રૂપને જોઈએ...

'આજ ફિર જીને કી તમન્ના હૈ, આજ ફિર મરને કા ઈરાદા હૈ...' મુંબઈની ફૂટપાથ પર ઊભેલી રોશનીએ હાથ બતાવતા ઊભી રહેલી રીક્ષામાં ગીત વાગી રહ્યું હતું. 'Don't touch me' લખેલું મીટર ડાઉન કરીને એણે પુછ્યું, 'કહાં ચલના હૈ?'

'લોખંડવાલા લે લો.' રોશની બોલી એને એણે વોલ્યુમ થોડો વધારી દીધો. રોશનીએ એના પ્રેમી રાજને લેન્ડલાઈન (પીસીઓ બુથ પરથી) ફોન કરીને પુછ્યું હતું, 'કયાં અને કેટલાં વાગે?' અને સવારે દસ વાગે લોખંડવાલા મળવાનો કોલ અપાયો.

ઈચ્છિત જગ્યાએ રીક્ષા આવીને થોભી, રાજ ત્યાં રાહ જોતો ઊભો હતો, એ નીચે ઊતરી. અને હાથ મિલાવી એને રીક્ષામાં બેસાડ્યો અને જુહુ બીચ રીક્ષા લેવા સૂચના આપી, એમનો વાર્તાલાપ શરૂ થયો. રાજ બોલ્યો, 'કાર કયાં છે તારી?'

'ગેરેજમાં છે, બે અઠવાડિયા થયાં, તારી જેમ જ એને મળીને...'

'હાં, હું જરા વ્યસ્ત હતો, તારે કંઈ કહેવું હતું મને?'

'ના, પણ મળ્યા નહીં એટલે જરા ચિંતા થવી સ્વાભાવિક ને?'

'પણ... મારે તને કંઈ કહેવું છે, આપણે હવે બ્રેકઅપ લઈ લઈએ?'

રોશનીએ પકડી રાખેલો હાથ એક ઝાટકે છોડાવી દીધો. રાજ એને સમજાવવાનો પ્રયત્ન કરતો હતો...

'રાજ, પાંચ વર્ષ થયા આપણાં પ્રેમનો, કેટલા સંબંધો મેં નકાર્યા, તેં મને ફસાવી છે. આનું કારણ પેલી સોનાલી તો નથી ને?'

એટલામાં જુહુ આવતાં રીક્ષાએ બ્રેક મારી, રાજે પૈસા આપવા પાકીટ ખોલ્યું અને એમાં સોનાલીનો ફોટો રોશની જોઈ ગી. એણે રીક્ષાવાળાને ઘર તરફ ફરવાની સૂચના આપી અને ત્યાં ગીત વાગતું હતું 'દિલકા ન કરના ઐતબાર કોઈ...'

●●●

'મુઝે નીંદ ના આએ, મુઝે ચૈન ના આયે, કોઈ જાયે જરાં ઢુંઢકે લાયે...' રોશની રીક્ષાની રાહ જોતી ઊભી હતી અને આવેલી રીક્ષામાં આ ગીત લેસર મ્યુઝિક સાથે વાગતું હતું. એ રીક્ષામાં લોખંડવાલા પહોંચી હવે એનો જરા એટીટ્યુટ ચેઈન્જ હતો. રાજ રીક્ષામાં આવીને બેઠો, એ જરા નાખુશ થઈને જ વાતો કરતી હતી. રાજ રીક્ષામાં આવીને બેઠો, એ જરા નાખુશ થઈને જ વાતો કરતી હતી. રાજે વાત સ્ટાર્ટ કરી, 'મારે તને કંઈક કહેવું હતું, પણ... કેવી રીતે કહું જીભ ઊપડતી નથી.' રોશની બોલી, 'તારે બ્રેકઅપ જોઈએ છે ને?' અને રાજ તો ગેંગેંફેફે થઈ ગયો.

> **વિનમ્ર થઈ કદાપિયે કે, કરી ના ફરિયાદો જિંદગીમાં,**
> **રહી રહીને ખબર પડી કે, ન બોલવાની સજા મળી છે.**
> **ઘણીયે વેળા ઊભા રહ્યાં તો, અશક્ત માની હટાવી દીધાં,**
> **ઘણીયે વેળા સમયથી આગળ વધુ થવાની સજા મળી છે!**
> **- મનોજ ખંડેરીયા**

'સોનાલી તારા જીવનમાં છે ને?' રાજ બોલ્યો, 'મારો સોનાલી સાથે કોઈ સંબંધ નથી.' એટલામાં રીક્ષા જુહુ ઊભી રહી અને રાજે પૈસા આપવા પાકીટ બહાર કાઢ્યું ત્યાં તો સામેથી સોનાલી દોડતી આવી અને એને ભેટી પડી... રાજ ખુલ્લો પડી ગયો અને રોશની 'હટ, સાલા ચિટર...' કહીને ફરી એ રીક્ષાને કૉલેજ તરફ લઈ જવા આદેશ આપ્યો. રીક્ષામાં ગીત વાગી રહ્યું હતું, 'જિંદગી હર કદમ ઈક નઈ જંગ હૈ...'

રોશની ફુટપાથ ઊભી છે, અને એટલામાં રીક્ષા આવીને ઊભી રહે છે. 'લોખંડવાલા' કહી એણે મોબાઈલ કાઢીને ફોન કર્યો, 'રાજ હું પંદર મિનિટમાં પહોંચું છું.' એણે પોટાના વોટ્સએપ મેસેજિસ જોવાના ચાલુ કર્યા અને રીક્ષામાં ગીત વાગતું હતું. 'મેં તેનું સમજાવાકી, તું કી જાણે પ્યાર મેરા, મૈં કરું ઈંતજાર તેરા...'

લોખંડવાલા આવ્યું પણ રોશની રીક્ષામાંથી નીચે ઊતરી નહીં, એણે રીક્ષામાં બેઠાં બેઠાં ચપટી વગાડી રાજને અંદર બોલાવી લીધો. એ આવીને એને ચોંટીને બેઠો. 'કેમ ફોન ઉપાડતો નથી? બીજી કોઈમાં રસ પડ્યો છે?' રોસનીએ સીધો જ પ્રશ્ન ફેંક્યો.

'હોતું હશે ડાર્લિંગ? તારા સિવાય મારું કોણ?'

'આ તો સોનાલી કહેતી હતી કે, મારો રસ્તો છોડી દે, રાજ મારો છે. અને બંને પ્રેમમાં છીએ...'

'સોનાલીએ આવું કીધું ? ના હોય? નેવર...'

એટલામાં રાજનો ફોન વાગ્યો... 'દિલ પે પથ્થર રખકે મુંહ પે મેકઅપ કર લીયા...' અને ડિસ્પ્લે પર સોનાલીના ફોટા સાથે લખ્યું હતું. 'સોનાલી ડાર્લિંગ કોલીંગ...' રાજય તો કાપો તો લોહી ના નીકળે એવો થઈ ગયો.

'તું મારી કારનું પૂછતો હતો ને ? એ સર્વિસિંગમાં ગઈ છે. અને હા, તું એમાં બેસવાને લાયક જ નથી. તારા જેવા બોગસ - ચાલુ છોકરા સાથે રહેવું મને જ શોભતું નથી...' રોશનીએ રીક્ષાવાળાને રોકાવા કહ્યું, 'આઈ એમ બ્રેકીંગ વીથ યું, યુ બેટર અપ વીથ ઘેટ સોનાલી ઓન્લી, ચુડૈલ સોનાલી.'

રોશનીએ રાજના ટીશર્ટની કોલર પકડી 'ગેટ આઉટ એન્ડ ગેટ લોસ્ટ' કરતાં રીક્ષામાંથી ધકેલી દીધો. ટાલિયો રીક્ષાવાળો આ કલામ જોઈને હસવા લાગ્યો. રીક્ષાના રિઅર વ્યુમાં હતાશ-નિરાશ રાજ અને અન-એક્સપેક્ટેડ ઈન્સલ્ટથી ડઘાઈ ગયો હતો એ રોશની જોઈ રહી. 'ચલ ભૈયા બ્રેકએપ સેલિબ્રેશન કરતે હૈ' કહી એણે રિક્ષાને આઈસ્ક્રીમ પાર્લર થોભાવવાનું કહી ફરી મોબાઈલમાં સ્ટેટસ્ ચેન્જ કરવા હાથમાં લીધો. અને રીક્ષામાં રેડિયો મીર્ચી પર ગીત વાગી રહ્યું હતું, 'મેરે સૈયાજી સે આજ મૈંને બ્રેકઅપ કર લીયા, સુબહ સવેરે ઉઠકે મૈંને યે સબ કર લીયા...' રીક્ષાના મીરર પર લખેલું 'ડોન્ટ ટચ મી' પર હાથ ફેરવતી રોશની નીચે ઉતરી અને બે બટર સ્કોચ આઈસ્ક્રીમનો ઓર્ડર આપી મલકાઈ રહી...

●●●

બ્રેકઅપ થાય એટલે રોનાધોનાના દિવસો હવે જતાં રહ્યાં છે. ફેકટમાંથી ફેન્ટસી તરફ વળી ગયેલી જનરેશન અને એમાંય લવલી લેડી પ્રેક્ટીકલ બની છે. એ બ્રેકઅપના ફોટો મુકીને એક્સ બોયફ્રેન્ડને જલાવા સુધીની મજા લે છે. આવા એટીયયુડ આજકાલની 'ડિયર જિંદગી' અને 'એ દિલ હૈ મુશ્કિલ' ના ગીતો લેટ્સ બ્રેકઅપ અને બ્રેકઅપ કર લીયા નાચતાં નાચતાં કરે છે.

બળદ ગાડા પર બેસી નરગીસો હવે સૌરાટની આર્ચી બનીને બુલેટ ફેરવવા લાગી છે. ના ફાવે તો રામરામ કરી બીજો ત્રીજો પતિ બનાવતાં પણ જરાય શરમાતી નથી. 'આય ડોન્ટ કેર' કરીને ડ્રેસિંગ સેન્સ પર શોર્ટ રાખે છે. એડજેસ્ટમેન્ટની મેન્ટાલીટી જતી રહી છે અને ડિવોર્સ માટે ડેરિંગ કરે છે. હવે લગભગ દરેક ક્ષેત્રે ડાન્સથી લઈને છેક ડિફેન્સ સુધી વિમેન બિન્દાસ કરિઅર બનાવે છે. આ બધું ચિત્ર મેટ્રો અને બીગ સિટીનું છે, એનો પવન ગામડા બાજુ આજે નહીં તો કારે ફૂંકાશે અને આ વર્ષની થીમ 'બી બોલ્ડ ફોર ચેન્જ' માટે સજ્જ થશે. સ્વતંત્રતા સારી સ્વછંદતા નહીં એટલી ક્લેરિટી હોય તો જલસા!

ચૂંટલો :

'પંછી બનુ ઉડતી ફીરું મસ્ત ગગન મેં...' કરવાના દિવસો હવે ગર્લ્સના આવ્યાં છે. દુનિયાની તમામ લેડી વર્કિંગ વુમન છે. ઘર હોય કે ઑફિસ એમનાં યોગદાનને સલામ કરવાનો આજનો દિવસ, સંસ્કારના નામે સંસારના ભરાવી દેવાના દિવસો ડિલીટ થયાં છે. ત્યારે રિઝનેબલી તો એમને રિલેક્સસેશન આપવું જ રહ્યું!